
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | |
|---|---|---|
| ૧ વીર વંદન ... ... ... | ( શાહ હરિલાલ જગજીવનદાસ ) ... | ૫૫ |
| ૨ શ્રીમાન્ હેમચંદ્રાચાર્યવિરચિત વીતરાગસ્તુતિ. | (ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ.) | ૫૬ |
| ૩ સત્યજ્ઞાનનું રહસ્ય ... ... ... | ( અનુવાદ )... ... | ૫૯ |
| ૪ દાન ... ... ... ... | ( ચોકસી )... ... | ૬૩ |
| ૫ પ્રતિબિંબ ... ... ... ... | ( રા. સુશીલ ) ... | ૬૬ |
| ૬ ચાર કષાયો ( મહાન્ તસ્કરો ) | (રા. રાજપાળ મગનલાલ વોરા.) ... | ૭૧ |
| ૭ સેવા ધર્મ ... ... ... ... | ( અનુ-અભ્યાસી ) ... | ૭૩ |
| ૮ સ્વીકાર-સમાલોચના. ... ... ... ... ... | ... | ૭૬ |
| ૯ વર્તમાન સમાચાર ... .. ... ... ... | ... | ૭૮ |



## કલકત્તાવાળાના વિવિધ રંગોના મનોહર મોટી સાઇઝના ફોટાઓ.

| | |
|---|---|
| શ્રી નેમનાથસ્વામીના લગ્નનો વરઘોડો | ૦-૧૨-૦ |
| શ્રી મહાવીરસ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી | ૦-૧૨-૦ |
| શ્રી કેસરીયાજી મહારાજ. | ૦-૮-૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦-૮-૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦-૮-૦ |
| શ્રી ગૌતમસ્વામી. | ૦-૮-૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦-૮-૦ |
| શ્રી રાજગિરિ પંચપહાડ. | ૦-૮-૦ |
| શ્રી પાર્શ્વનાથ પદ્માવતી. | ૦-૮-૦ |
| શ્રી ગૌતમ સ્વામી | ૦-૨-૦ |
| શ્રી નવપદ મંડળ | ૦-૪-૦ |
| ભરત ચક્રવર્તીને વૈરાગ્ય | ૦-૮-૦ |
| જ્ઞાનબાજી | ૦-૮-૦ |
| શ્રી ગિરનારજી. | ૦-૮-૦ |
| શ્રી રાજગિરિ. | ૦-૬-૦ |
| ૭ લેશ્યા. | ૦-૬-૦ |
| શ્રી મધુબિંદુ. | ૦-૬-૦ |
| પાવાપુરીનું જલમંદિર. | ૦-૮-૦ |
| **સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી સોનેરી બાઇન્ડીંગ સાથે.** | ૨-૮-૦ |
| જંબૂદ્વીપનો નકશો રંગીન. | ૦-૬-૦ |
| નવતત્વના ૧૧૫ ભેદનો નકશો.રંગીન | ૦-૨-૦ |
| શ્રી સિદ્ધચક્ર યંત્ર રંગીન બહુજ મોટી સાઇઝ | ૦-૬-૦ |
| શ્રી સિદ્ધચક્ર યંત્ર | ૦-૨-૦ |
| શ્રી ઘંટાકર્ણ યંત્ર | ૦-૪-૦ |


## શ્રી " આત્માનંદ " શતાબ્દિ મહોત્સવ પ્રસંગે ગુરૂભક્તિ નિમિત્તે અમારા દરેક સભાસદોને ભેટ

**શ્રી વિજયાનંદસૂરિ**—( શ્રી આત્મારામજી મહારાજ ) નું જીવનચરિત્ર દરેક મેમ્બરોને ભેટ આપવાનું હોઈ તૈયાર થઇ ગયેલ છે. સ્થાનિક મેમ્બરોએ સભાએથી અને બહારગામના મેમ્બરોએ પોસ્ટ ખર્ચના રૂ. ૦-૩-૦ ત્રણ આના મોકલી મંગાવી લેવા તસ્દી લેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

नमो विशुद्धधर्माय, स्वरूपपरिपूर्तये ।
नमो विकारविस्तार–गोचरातीतमूर्तये ॥ १ ॥

" સંપૂર્ણ જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ વિશુદ્ધ ધર્મવાળા, સ્વસ્વરૂપની પૂર્ણતાને પામેલા અને વિકારોના સમૂહનો પાર પામેલા–એવા જે કોઈ મહાત્મા હોય તેને નમસ્કાર હો. "

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३३ } वीर सं. २४६१. आश्विन आत्म सं. ४०. { अंक ३ जो.

## વીર–વંદન

( રાગ–મારૂં વતન હાં )

વીર જિણંદને કોટી નમન હાં. વીર.
સિદ્ધારથ નૃપ ને ત્રિશલા દેવીના, વીરકુમારને કરૂં હું વંદન હાં વીર.
મેરૂ શૈલ કંપ્યો જેના ચરણથી, એવા એ વીરને કરૂં હું વંદન હાં વીર.
એક વર્ષ સુધી ક્રોડ એક આઠ લાખ, મહોરનું દીધું દાન હરેક દીન વીર.
યૌવન આવતાં સંસાર ત્યાગ્યો, વૈરાગી વીરને કરૂં હું નમન હાં વીર.
જેના ચરણ પર રંધાણી ખીર હાં, ધીર એ વીરને કોટી નમન હાં વીર.
જેના એ કાનમાં ખીલા ઠોકાણા, ધીર એ વીરને કરૂં વંદન હાં વીર.
કર્યું બાર વર્ષનું તપ જલ વિના, તપસ્વી વીરને ક્રોડો નમન હાં વીર.
થયા મોક્ષગામી દીવાલી દીને, ભોગવી વર્ષ બહોંતેરનું જીવન હાં વીર.
વીરને સેવતાં હરિ કહે આવે, જન્મ મરણના ફેરાનો અંત હાં વીર.

શાહ હરિલાલ જગજીવનદાસ–જુનાગઢ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી વીતરાગસ્તવ–ભાષાનુવાદ.

## –ઃતૃતીય પ્રકાશઃ–

### *કર્મક્ષયજન્ય અતિશય.

શાર્દૂલવિક્રીડિત.

શ્રી તીર્થંકર નામથી ઉપજતા [૧]સર્વાભિમુખ્યે કરી,
તું જે સંમુખ સર્વથા જ જનને આનંદથી દે ભરી;
ને જે યોજનના સમોસરણમાં કોટિગમે નાથ હે !
તિર્યંચો અમરો નરો પરિજનો સાથે સમાઇ રહે; ૧-૨

ભાષામાં [૨]નિજ નિજ તેહ સહુને ત્હારી મનોહારિણી,
વાણી એકરૂપી છતાં પરિણમે જે ધર્મસંબોધિની;
[૩]પૂર્વોત્પન્ન સમસ્ત રોગ-ઘન જે સોથી વધુ યોજને,
ત્હારી નાથ ! વિહાર-વાયુલહરીથી વિખરાયે ક્ષણે, ૩-૪

[૪]આવિર્ભૂત ન થાય જે અવનિમાં તીડા [૫]શુકો મૂષકે,[૬]
નાશે ઇતિ[૭] અનીતિ જેમ પળમાં ભૂપ પ્રભાવે પ્રભો !
જે વૈરાગ્નિ† શમી જતો ઉપજતો સ્ત્રી-ક્ષેત્ર આદિકથી,
જાણે ભૂતલ વર્ષતા તુજ કૃપાના પુષ્કરાવર્તથી ? ૫-૬

---

*સહજ અતિશયો કહી હવે આ પ્રકાશમાં ઘાતિકર્મના ક્ષયથી ઉદ્ભવતાં અતિશયો વર્ણવે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતિકર્મ કહેવાય છે, કારણ કે આત્માના મૂળભૂત જ્ઞાનાદિ ગુણનો ઘાત કરે છે, આ ઘાતીકર્મક્ષયથી સંભવતા ૧૧ અતિશય અત્રે ૧૧ શ્લોકમાં અનુક્રમે વર્ણવ્યા છે, તે પછી ચાર શ્લોક ઉપસંહારરૂપ છે.

૧. સર્વાભિમુખ્ય નામનો અતિશય–જેનાવડે કરીને સર્વ દિશાએ પ્રભુ સર્વને સન્મુખ જણાય, અથવા સર્વ જનો પ્રભુને અભિમુખ વૃત્તિવાળા થાય.

૨. પ્રભુની એકરૂપ વાણી પણ મનુષ્ય-તિર્યંચાદિને સર્વને પોતપોતાની ભાષામાં સમજાય જાય છે.

૩. પૂર્વે ઉપજેલા રોગરૂપ વાદળા પ્રભુના વિહારવાયુથી વિખરાઇ જાય છે.

૪. પ્રગટ થાય નહિં. ૫. સૂડા. ૬. ઉંદર ૭. અરિષ્ટ, ઉપદ્રવ, + તીડ વગેરેની આફત.

† પ્રભુના સાન્નિધ્યથી પ્રાણીઓનો વૈરાનલ પ્રશાંત થઇ જાય છે. તે માટે કવિ ઉત્પ્રેક્ષા કરે છે–તે જાણે ત્હારી કૃપારૂપ પુષ્કરાવર્ત મેઘધારાથી શાંત થયો હોયની !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાતા ડિંડમનાદ તુજ [૮]અશિવોચ્છેદી મહિમાતણા,
[૯]મારીઓ ભુવનારિઓ[૧૦] ભુવનમાં જે સંભવે નાથ ! ના;
ને જે કેવલ વિશ્વવત્સલ વિભુ ! તું [૧૧]કામવર્ષી સતે,
લોકોને અતિવૃષ્ટિ તાપ ન કરે નિર્વૃષ્ટિ ના દુઃખ દે. ૭-૮

સર્વે ક્ષુદ્ર ઉપદ્રવો ઉપજતા [૧૨]અન્ય-સ્વ રાષ્ટ્રોથકી,
નાશે જે જયમ સિંહનાદથી ગજો-ત્હારા પ્રભાવે નકી;
ને અદ્ભુત પ્રભાવી જંગમ[૧૩] તરૂકલ્પ ત્રિલોકીપતિ !
તું જ્યારે વિહરે તહીં [૧૪]ક્ષિતિમહીં દુર્ભિક્ષ[૧૫] પામે[૧૬] ક્ષતિ; ૯-૧૦

'ના હો દુષ્કર દેખવું તુજ[૧૭]તનુ' તે માટ ભામંડલ,
[૧૮]શીર્ષે પશ્ચિમ ભાગ સંસ્થિત જ જે જીતે રવિમંડલ;

વીતરાગ જ્ઞાની પુરુષની સમીપમાં પ્રાણીઓ પોતાના જન્મવૈર પણ ભૂલી જાય છે. કહ્યું છે કેઃ-

सारङ्गी सिंहशावं स्पृशति सुतधिया नन्दिनी व्याघ्रपोतं,
मार्जारी हंसबालं प्रणयपरवशा केकिकान्ता भुजङ्गम् ।
वैराण्या जन्मजातान्यपि गलितमदा जन्तवोऽन्ये त्यजन्ति,
श्रित्वा साम्यैकरूढं प्रशमितकलुषं योगिनं क्षीणमोहम् ॥

—શ્રી જ્ઞાનાર્ણવ.

**અર્થાત્**—જેનો કર્મમલ પ્રશમી ગયો છે અને જે સામ્ય-વીતરાગભાવમાં આરૂઢ થયા છે એવા ક્ષીણમોહ યોગિના સંનિધાનમાં હરિણી સિંહના બચ્ચાને પુત્રબુદ્ધિથી સ્પર્શે છે; એજ પ્રકારે ગાય વાઘના બચ્ચાને, બિલાડી હંસબાલને અને મયૂર સર્પને સ્નેહપરવશ થઇ સ્પર્શે છે—પંપાળે છે. એજ પ્રકારે અન્ય જીવો પણ જન્મવૈર ત્યજી દે છે.

૮. અશિવ અમંગલ-અરિષ્ટને ઉચ્છેદનાર, સર્વથા નાશ કરનાર.

૯. મારી નાંખે તે 'મારી' મરકી ( Plague ) આદિ જીવલેણ ( Deadly evils ) અનિષ્ટ-દુષ્ટ વ્યંતરાદિના ઉપદ્રવો.

૧૦ જગતના શત્રુ. ૧૧ મનોવાંછિત પૂર્ણ કરનાર.

૧૨. પોતાના અને પરના રાષ્ટ્ર-દેશથી ઉપજતા સર્વે ક્ષુદ્ર-તુચ્છ ઉપદ્રવો ત્હારા પ્રભાવથી પલાયન કરી જાય છે. ૧૩. જંગમ-ગતિમાન્-હાલતાચાલતા કલ્પવૃક્ષ. ૧૪. પૃથ્વી તલપર. ૧૫. દુષ્કાળ. ૧૬. ક્ષય, નાશ ૧૭. ત્હારો દેદીપ્યમાન દેહ દુરાલોક ન હો-તેની સામે જોવું દુષ્કર ન હો, એટલા માટે સૂર્યના તેજને જીતે એવું ભામંડલ-તેજઃપુંજ ત્હારા મસ્તકના પાછલા ભાગે હોય છે. ૧૮ મસ્તક પર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવો જે તુજ યોગરાજ્ય મહિમા ઉદ્‍ભૂત કર્મક્ષયે,
વિશ્વે વિશ્રુત[૧૯] તેહ મગ્ન ન કરે કોને મહા વિસ્મયે ? ૧૧-૧૨

નારાચઃ—

પ્રવૃત્ત એમ તું ઉપાયમાં ×ક્રિયાનુશીલને,
પરા શ્રી પ્રાપ્ત જેથી તું ન ઇચ્છતાં ઉપેયને !
અનંત કાલ સંચિતા અનંત *કર્મકક્ષને,
સમૂલ ઉન્મૂલે ન અન્ય તું વિના ત્રિભુવને. ૧૩-૧૪

અનુષ્ટુપ્

પવિત્ર પાત્ર મૈત્રીના, મુદિતા-મુદિતાત્મ ને;
નમઃ કૃપાળુ મધ્યસ્થ, યોગાત્મા ભગવાન્ તને ! ૧૫

। इति तृतीयः प्रकाशः ।

—ભગવાનદાસ મનસુખલાલ મહેતા

૧૯. ઉપર જે વર્ણવ્યો એવો ત્હારો જગત્‌પ્રસિદ્ધ યોગસામ્રાજ્યનો મહિમા કે જે ઘાતિકર્મના સંક્ષયથી ઉપજ્યો છે-તે કોને આશ્ચર્યમાં ગરકાવ ન કરી દે ?

× સ્વસ્વરૂપરમણરૂપ ક્રિયા-યથાખ્યાત ચારિત્રવડે કરીને તું ઉપાય-સાધનમાં એવો તો પ્રવૃત્ત થઈ ગયો, એવો તો લીન થઇ ગયો કે પરમ પદરૂપ ઉપેય-સાધ્યને નહિં ઇચ્છતાં પણ તું પરમ જ્ઞાનલક્ષ્મીને-તીર્થનાથ સંપદાને પ્રાપ્ત થયો !—અત્રે પ્રભુની નિર્વિકલ્પ સમાધિ-કે જે યોગનું અંતિમ અંગ છે-તેનો નિર્દેશ કર્યો છે. તેના પ્રભાવે પરમ યોગ ( પરમપદ સાથે યુંજન ) સિદ્ધ થાય છે.

* અનંત કાળથી સંચેલા એવા અનંત કર્મ-વનને જગત્‌માં ત્હારા વિના બીજો કોણ જડમૂળથી ઉખેડી નાંખે ? અત્રે વિચારવા જેવું એ છે કે-થોડા વર્ષની સ્થિતિવાળા એક ન્હાના સરખા ઝાડને પણ જડમૂળમાંથી ઉખેડવું મુશ્કેલ છે; તો પછી અનંત કાળથી જેણે અતિ અતિ ઉંડા મૂળ નાંખ્યા છે એવા અનંત મહાવૃક્ષો જ્યાં આવી રહ્યા છે, એવા કર્મરૂપ અરણ્યને જડમૂળથી ઉખેડી નાંખવું તે કેટલું વિકટ કાર્ય છે ? તેમાં કેટલા બધા આત્મપુરુષાર્થની આવશ્યકતા છે ? પરંતુ એવા કર્મવનને પણ પરમ યોગીંદ્ર વીતરાગદેવે પરમયોગ સામર્થ્યથી ઉન્મૂલિત કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

## ( સૃષ્ટિકર્તૃત્વવાદ. )

### ( પ્રકરણ બીજું )

( પુ. ૩૨ ના પૃષ્ઠ ૨૭૮ થી શરૂ )

આત્મા સર્વ સ્થિતિમાં સદાકાળ એક જ સ્થિતિમાં રહે એવી આત્મા વિષયક માન્યતાથી અનેક રીતે જડવાદનો પ્રાદુર્ભાવ થયો છે. કેટલાક સામાન્ય વિચારકો અને તત્ત્વજ્ઞાનીઓને કારણે આવા જડવાદને એક યા બીજી રીતે ઉત્તેજન મળે છે. ચેતના પરિવર્ત્તનથી પર છે અને ભૌતિક પદાર્થો (કસ્તૂરી, મદ્ય વિગેરે)થી ચેતના ઉપર કશીયે અસર થતી નથી એવું કેટલાક જડવાદીઓનું મંતવ્ય સર્વથા અસત્ય છે. ચેતના અને ભૌતિક પદાર્થોનો પ્રભાવ એકમેક ઉપર પડે છે, એ પ્રભાવથી એકમેકમાં પરિવર્ત્તન શકય છે એ સ્પષ્ટ અને સુવિદિત છે. બન્નેના પરસ્પર પ્રભાવમાં કોઇવાર કશીયે ક્ષતિ આવતી નથી. બન્નેનો પરસ્પર પ્રભાવ સુનિશ્ચિત છે. કુદરતના અવિચ્છિન્ન નિયમો અનુસાર બન્નેનો પ્રભાવ એકમેક ઉપર પડ્યા કરે છે. આમ છતાં જડવાદીઓ અસત્ય વિકલ્પો કરીને ચેતના અને ભૌતિક પદાર્થોના સંબંધમાં ભ્રમયુક્ત સ્થિતિ ઉત્પન્ન કરે છે. જડવાદીઓ ભૌતિક દ્રવ્યનો સ્વીકાર કરે છે. ભૌતિક પદાર્થોનો ઇન્કાર તેમનાથી શકય નથી. કુદરતનાં વિવિધ બળોને કારણે ભૌતિક પદાર્થોમાં અનેક પરિવર્ત્તનો થાય છે છતાંયે તેથી ભૌતિક દ્રવ્યનો ઇન્કાર કરવા જડવાદીઓ કોઇ કાળે તત્પર થતા નથી. એ જ જડવાદીઓ ચેતનામાં ભૌતિક દ્રવ્યના પ્રભાવથી કંઇક પરિવર્ત્તન થવાને કારણે આત્માનાં અસ્તિત્વનો અસ્વીકાર કરે છે કે–આત્માનાં અસ્તિત્વનો અસ્વીકાર કરવા તેઓ ઉત્સુક બની જાય છે એ અત્યંત આશ્ચર્યજનક છે. જડ તે જડ અને ચેતન તે ચેતન એ સાદી સીધી વાત પણ જડવાદીઓ સમજતા નથી. જડ અને ચેતન વચ્ચેનું મહાન્ અંતર તેમનાં લક્ષમાં પણ આવતું નથી. જડ અને ચેતન વચ્ચેનું અંતર કોઈ પણ ઉપાયે કમી થાય તેમ નથી, એ સાદું સત્ય પણ જડવાદીઓ સમજતા નથી. જડવાદીઓની કેટલી બધી વિચિત્રતા ? પ્રો. બાઉને યથાર્થ જ કહ્યું છે કેઃ—

" મનુષ્યનું ચિત્ત મીણના પટ્ટ જેવું છે. દરેક વસ્તુની તેના ઉપર ઓછીવત્તી અસર જરૂર થાય છે. ચિત્તમાં કોઈ ભાવ ઉદ્દીપ્ત થાય તે પહેલાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મસ્તિષ્કમાં અનેક પ્રકારનાં આંદોલનોનો પ્રાદુર્ભાવ થાય છે. મસ્તિષ્કનાં આંદોલનો બાહ્ય જગતનાં જ્ઞાનનાં એક અપરિપકવ સાધનરૂપ છે. અવબોધનનું પ્રધાન કાર્ય ચિત્તદ્વારા આત્માથી થાય છે."

( Metaphysics. pp 407 ).

મહાન્ તત્ત્વજ્ઞાની અને માનસશાસ્ત્રી પ્રો. વીલીયમ જેઈમ્સે આત્માના જ્ઞાનગુણ, ચેતના આદિ વિષયક મનનીય વિચારો "The Principles of Psychology" ( માનસશાસ્ત્રના સિદ્ધાન્તો ) નામે પુસ્તકના પ્રથમ ભાગમાં ( પૃષ્ઠ ૪૦૦ ) વ્યક્ત કર્યા છે. એ વિચારો નીચે પ્રમાણે છેઃ—

"આત્માનાં અંતર્જ્ઞાનથી અનેક પ્રકારના વિચારો ઉદ્દભવે છે. ચેતનાથી સ્વકીય અસ્તિત્વની ઝાંખી થાય છે. ચેતના પરિવર્ત્તનશીલ છે. આત્મા ('હું') એ જ્ઞાનનો વાચક છે." જ્ઞાન અને પ્રાણ એ બન્ને વચ્ચે ઘનિષ્ટ સંબંધ છે. સ્વામી અભેદાનંદે જ્ઞાન અને પ્રાણના નિકટ સંબંધ વિષે પોતાનાં પુસ્તકમાં સુંદર પ્રકાશ પાડ્યો છે. સ્વામીજીના જ્ઞાન અને પ્રાણના પરસ્પર સંબંધ વિષે નિમ્ન વિચારો અત્યંત મનનીય છેઃ—

"પ્રાણ કે જીવનબળ જ્ઞાનથી વસ્તુતઃ અભેદ્ય છે. જ્ઞાન અને પ્રાણ એ આત્માની બે મહાન્ શક્તિઓ છે. આથી આત્માનો આવિષ્કાર જ્ઞાન કે પ્રાણ શક્તિરૂપે સતત થયા કરે છે. ચેતનાથી જ્ઞાનની નિષ્પત્તિ થાય છે. જીવનબળ અર્થાત્ મુખ્ય પ્રાણ એ ઇંદ્રિયોરૂપ શક્તિઓથી સ્વતંત્ર છે. જીવનબળનો નિર્બંધ ઇંદ્રિયો ઉપર ચાલે છે. ઇંદ્રિયો આ રીતે સર્વથા પરાધીન છે. જીવનબળ અદશ્ય હોય તો ઇંદ્રિયોની પરાધીનતા કમી થાય છે. જીવનબળનો વિનાશ થતાં કોઈપણ ઇંદ્રિય દેખીતી રીતે ક્ષતિરહિત કે પરિપૂર્ણ હોય પણ તેનું કાર્ય અશક્ય બને છે. ઇંદ્રિયોની કાર્યશક્તિનો આ રીતે વિચ્છેદ થાય છે.

મનુષ્યનુ મૃત્યુ થતાં તેનું જીવનબળ ચાલ્યું જાય છે. જીવનબળ ચાલ્યું જાય એટલે ચક્ષુનું કાર્ય સદંતર અટકી પડે છે. પ્રત્યક્ષ રીતે પરિપૂર્ણ જણાતી ચક્ષુથી કોઈ પણ કાર્ય નથી થઈ શકતું. આજ પ્રમાણે જીવનબળનો નાશ થતાં અન્ય ઇંદ્રિયોની કાર્યશક્તિનો પણ વિનાશ થાય છે. ઇંદ્રિયોનાં સર્વ કાર્યો વિરામ પામે છે. તાત્પર્ય એ કે પ્રાણ એ સર્વ કાર્યો અને સર્વ પ્રવૃત્તિઓની નિષ્પત્તિરૂપ છે. પ્રાણથી જ ઇંદ્રિયો સક્રિય રહે છે. પ્રાણનું જ ઇંદ્રિયો ઉપર નિયમન ચાલે છે. પ્રાણની સત્તાથી ઇંદ્રિયો ક્રિયાશીલ બને છે. પ્રાણના નિર્બંધથી ઇંદ્રિયોનું કાર્ય નિયમિત રીતે ચાલે છે."

( Self-Knowledge, pp. 72-73 ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચેતના અને જીવન એ બન્ને બાહ્ય અને આંતર–દૃષ્ટિએ વિચારતાં એક રૂપ છે એમ થીયોસોફીસ્ટો ( બ્રહ્મજ્ઞાનીઓ ) માને છે. ચેતના વિના જીવન નથી, જીવન વિના ચેતના નથી. જીવન ચેતનાનું આંતર સ્વરૂપ છે, ચેતના જીવનનું બાહ્યરૂપ છે, એમ બન્નેનાં સ્વરૂપનો યથાયોગ્ય વિચાર કરતાં પ્રતીત થાય છે. જીવનનું બાહુલ્ય એટલે ચેતના એમ પણ કહી શકાય. જીવન એટલે ચેતન. ચેતનવંત પ્રાણીને પોતાની પરિસ્થિતિનું ઓછુંવત્તું જ્ઞાન અવશ્ય હોય છે." ( A Study in Consciousness; by Annie Besant P. 32 )

ચેતનાના આવિષ્કારમાં ભૌતિક દ્રવ્ય શું કામ કરે છે એ ડૉ. બીસેન્ટના ઉપરોક્ત વિચારો ઉપરથી નિષ્પન્ન નથી થતું, પણ પ્રો. વીલીયમ જેઈમ્સે ભૌતિક દ્રવ્યનાં આ કાર્ય વિષે સુંદર પ્રકાશ પાડ્યો છે. તેમના ભૌતિક દ્રવ્યથી ચેતનાના આવિષ્કાર વિષયક વિચારો નીચે પ્રમાણે છેઃ—

"જે માનસશાસ્ત્રીને આત્માનાં અમરત્વમાં શ્રદ્ધા નથી જાગતી તે વિચાર એ મસ્તિષ્કનું કાર્ય છે એવી ઘોષણા કરે છે. આવી રીતે વિચારમાં તેને ભૌતિક દ્રવ્યનો જ વિચાર આવે છે. વિચારના પારગમ્ય કાર્યનો તેને વિચાર જ થતો નથી એ આશ્ચર્ય જેવું છે. આત્માનું જીવનતત્ત્વ મસ્તિષ્કમાં કઇ રીતે પ્રવેશે અને વિચારનું કાર્ય કેવી રીતે થાય છે એ પ્રશ્ન અત્યંત મહત્ત્વના છે. ઘણાએ માનસશાસ્ત્રીઓએ આ પ્રશ્નનો ઉકેલ કર્યો જ નથી એ અત્યંત વિચિત્ર કહી શકાય." ( Human Immortality, P. 26 ).

સત્ય વાત એ છે કે, આત્મા અને જીવનનું અસ્તિત્વ સંપૂર્ણ સ્વાયત્ત છે. આત્મા અને જીવનનાં અસ્તિત્વ સ્વયમેવ સ્વાધીન છે. ભૌતિક પદાર્થો કે ભૌતિક પદાર્થોનાં સ્વરૂપ સાથે આત્મા અને જીવનનાં અસ્તિત્વને કશીયે લેવાદેવા નથી. આત્મા અને જીવનનો પ્રાદુર્ભાવ ભૌતિક પદાર્થોમાંથી થાય છે એવી જડવાદની માન્યતા સંપૂર્ણ અજ્ઞાનયુક્ત છે. જડવાદની આ માન્યતાથી આત્મા અને જીવનના સ્વાયત્ત પ્રાદુર્ભાવરૂપ મહાન્ સત્ય ઉપર જડવાદીઓનો કુઠારાઘાત થયો છે.

આત્મા અને ભૌતિક દ્રવ્યોના સંબંધમાં દરેક શક્ય રીતે અનાદિ કાળથી અન્વેષણ થતું આવ્યું છે. ચેતન–અચેતન વિશ્વસંબંધી અન્વેષણ કાર્ય વર્તમાનકાળમાં જ થાય છે એમ નથી. દરેક યુગમાં સમર્થ તત્ત્વજ્ઞાનીઓ અને વિચારકો થાય છે અને તેઓ આત્મા અને ભૌતિક પદાર્થો સંબંધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યથાશકય અન્વેષણ અવશ્ય કરે છે. એ અન્વેષણ કેટલાક તત્ત્વજ્ઞાનીઓને જીવનનો મહાન્‌માં મહાન્ પ્રશ્ન થઈ પડે છે. આવા કેટલાયે મહાન્ તત્ત્વજ્ઞાનીઓનું આત્મા અને ભૌતિક દ્રવ્ય વિષયક અન્વેષણ કાર્ય અદ્વિતીય નીવડયું છે. તેમના અપ્રતીમ અન્વેષણ કાર્યથી માનવ જાતિનાં સર્વોચ્ચ શ્રેયમાં અનુપમ લબ્ધિ થઈ છે. તેમની પ્રખર વિવેકબુદ્ધિ અને અનેરા ઉત્સાહથી જગત્‌ના જ્ઞાનમાં ઓર વૃદ્ધિ થઇ છે. ભૌતિક પદાર્થો વિષયક અન્વેષણનો જ વિચાર કરીએ તો એ અન્વેષણનું વિહંગાવલોકન પણ અત્યંત આશ્ચર્યકારી થઈ પડે છે. ભૌતિક પદાર્થોનાં અન્વેષણનાં સ્વલ્પ નિરીક્ષણ કે વિચારમાત્રથી મનુષ્ય મંત્રમુગ્ધ બની જાય છે. પરમાણુનો વિચાર કરીએ તો તે સંબંધી એટલું બધું સૂક્ષ્મ રીતે અન્વેષણ કર્યું છે કે પરમાણુ અને તેના કાર્યનું યથાર્થ જ્ઞાન મનુષ્યને આશ્ચર્યમાં ગરકાવ કરે છે. પરમાણુનો સૂક્ષ્મ અભ્યાસી માનસિક, બૌદ્ધિક, નિર્વાણિક, પરાનિર્વાણિક અને છેવટે મહાપરાનિર્વાણિક ક્ષેત્રમાં પણ વિચરી શકે છે. પરમાણુ કરતાં માનસિક ક્ષેત્રનું દ્રવ્ય વિશેષ સૂક્ષ્મ હોય છે. મહાપરાનિર્વાણિક ક્ષેત્રનું ભૌતિક દ્રવ્ય સર્વભૌતિક દ્રવ્યોથી સૂક્ષ્મ છે. આ સર્વ ક્ષેત્રોમાં જીવનનો આવિર્ભાવ થાય છે. એ સર્વ ક્ષેત્રોમાં પરસ્પર અવગાહક હોય એમ માલૂમ પડે છે. કોઈ પણ ક્ષેત્રનાં ભૌતિક દ્રવ્યમાં ચેતના હોવાનો કોઇ અન્વેષકે પોતાનો મત અદ્યાપિ વ્યક્ત કર્યો નથી. તાત્પર્ય એ કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ કે સ્થૂલમાં સ્થૂળ ભૌતિક દ્રવ્યમાં જીવન કે ચેતનની સંભાવના હોઈ શકે નહિ. કોઇ પણ પ્રકારના પરમાણુમાં સ્મૃતિ કે બુદ્ધિશક્તિનું અસ્તિત્વ શકય નથી. અર્વાચીન કોઇ પણ વૈજ્ઞાનિક પરમાણુમાં બુદ્ધિ આદિની સંભાવ્યતાનો સ્વીકાર નથી કરતો.

જીવનનો પ્રશ્ન આ પ્રમાણે અત્યંત ગૂઢ છે. ચેતનમાં મૂળનો વિચાર કરતાં તેનું રહસ્ય વૃદ્ધિંગત થાય છે. ચેતનાના રહસ્યનો પાર પામવો એ અત્યંત મુશ્કેલ બને છે. ચેતનાના રહસ્યરૂપ વર્તુલ ક્ષિતિજની જેમ વૃદ્ધિ પામે છે. આ રીતે ચેતનાનાં રહસ્યનો ઉકેલ અશકયવત્ બને છે. આત્મા કે જીવનના સ્વાયત્ત અસ્તિત્વરૂપ મહાન્ સત્યનો ઈન્કાર કરતાં આ પ્રમાણે અત્યંત અટપટી સ્થિતિ ઉત્પન્ન થાય છે અને મનુષ્યને અનેક રીતે નાહક ગોથાં ખાવાં પડે છે. બુદ્ધિ કલ્પનાઓની વ્યર્થ પરંપરામાં નિમગ્ન થાય છે; મનુષ્ય સંક્ષોભના મહાસાગરમાં નિરંતર ટળવળે છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દાન

શ્રાવકના દૈનિક છ કર્મોમાં ' દાન ' નો નંબર આમ તો છેલ્લો આવે છે છતાં એટલું યાદ રાખવાનું છે કે એ સાથે મહત્વ કંઇ ઓછું નથી જોડાયેલું. ગૃહસ્થ જીવનમાં દાનધર્મદ્વારા પ્રગતિ સાધવી જેટલી સુગમ છે તેટલી અન્ય કોઇ માર્ગે નથી, તેથી જ અર્હન્ત પ્રભુએ ચતુર્વિધ ધર્મમાં દાનને અગ્રપદ અર્પેલું છે. ' દાન, શિયલ, તપ, ભાવના ધર્મના ચાર પ્રકાર' એ વાકય સૌ કોઇને ખ્યાલમાં છે જ. દાન દેવામાં ત્યાગવૃત્તિની આવશ્યકતા સમાયેલી છે જ. અને જ્યાં ત્યાગ છે ત્યાં વૈરાગ્યનો સંભવ માની શકાય એટલે ધર્મનો વાસ હોય એમાં આશ્ચર્ય જેવું કંઇ જ નથી.

નીતિકારોને પણ ઉચ્ચારવું પડયું છે કે:—

दानं भोगो नाशः तिस्रयो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुंक्ते तस्य तृतीया गतिर्भवति ॥

એનો ભાવાર્થ એટલો જ કે:—

લક્ષ્મીની ત્રણ અવસ્થા નીતિકારોએ દર્શાવી છે. અને તે—દાન; ભોગ, વા નાશરૂપ છે. લક્ષ્મી ચંચળ સ્વભાવની મનાતી હોવાથી કાયમને માટે કોઈ એક સ્થાને સ્થિર થઇ ટકી રહેતી જ નથી. કયાં તો એ દાન દેવામાં વપરાય છે, કિંવા એનો ઉપયોગ ભોગોપભોગની વિવિધ સામગ્રીઓમાં થાય છે. એ તો જેવો વ્યય કરનાર એવો એનો વ્યય ! ઉદાર વ્યક્તિના હાથે એ સત્કાર્યોમાં જ ખરચાય જે દાનના નામે ચઢે, રંગીલા કે મોજીલા યાતો વિલાસી માનવીના હાથે ખરચાય તો ખરી પણ એવા સાધનોમાં કે જે કેવળ વિલાસ પોષક અથવા તો મોહોન્માદક હોય, એનો સમાવેશ ભોગમાં થાય. તેથી શ્લોકના બીજા ચરણમાં કહેવામાં આવ્યું છે કે જે નથી તો દાન દેતો કે નથી તો જાતે ભોગવતો તેની લક્ષ્મીની ત્રીજી ગતિ યાને ત્રીજી અવસ્થા થાય છે એટલે કે નાશ પામે છે. નાશ કંઈ અમુક જ રસ્તે થાય છે એવું નથી. કંજુસની લક્ષ્મી ધરતીમાં દટાઇને નષ્ટ થાય છે, જ્યારે કોઇની આગમાં તો કોઇની ચોરી મારફતે પલાયન થાય છે. ભાવાર્થ એટલો જ કે–ચપળા એવી લક્ષ્મી એક સ્થાને ભાગ્યે જ સ્થિર રહે છે, તેથી જ મહાત્માઓ એનો સારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્ગે વ્યય કરવાનો ઉપદેશ કરતા આવ્યા છે, માટે જ દાનધર્મ એ સર્વમાં ધુરિપદે છે. ભોગમાં ખરચાતું દ્રવ્ય એ ઉખર ભૂમિમાં વાવવામાં આવતાં બીજ જેવું છે. એ ભૂમિનો સ્વભાવ જ એવો છે કે ત્યાં બીજ અંકુરિત થતું જ નથી ને સરવાળે બીજનો નાશ થાય છે તેવી જ રીતે ભોગમાં ખરચાતી રકમ, ઉપર ટપકેનો આનંદ આપી નામશેષ થઇ જાય છે. એથી ઉલ્ટું દાનમાં દીધેલી એક પાઈ પણ કંઈ ને કંઇ ફળ દેનારી થાય છે. એની પાછળ જો ભાવનું બળ અમાપ હોય તો ફળ એટલું ઉત્કૃષ્ટ બેસે છે કે એની વાત ન કરાય. ટૂંકમાં કહેવાનું એટલું જ કે–દાનનો મહિમા જેવો તેવો નથી જ. શકિત અને સંપત્તિના પ્રમાણમાં નાનાથી મોટા સુધીના સૌ કોઇ એ દ્વારા પુન્યાર્જન કરી શકે છે. એ કારણથી પેટવરામાં પુન્યવરો કરવારૂપ ઉક્તિ પ્રચલિત થઈ છે. દાનના મહાત્મ્યને વર્ણવનારા સંખ્યાબંધ પુસ્તકો જોવામાં આવે છે. ખુદ તદ્‌ભવે મોક્ષે જનાર તીર્થંકર દેવો પણ એ ધર્મનું અવલંબન લે છે અને પ્રતિદિન પ્રાતઃકાળથી શરૂ કરી એક પ્રહર સુધી યથેચ્છિત દાન એક વર્ષ સુધી આપે છે અને પછી જ ચારિત્ર ધર્મ સ્વીકારે છે. એ વાર્ષિક દાન તરિકે શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ થયેલ છે. આવા અચિંત્ય માહાત્મ્યવાળા દાનને શ્રાવકના ષડ્કર્મમાં જે સ્થાન છે તે ઉચિત અને યોગ્ય પણ છે. દેવપૂજાદિ પાંચ કાર્યોમાં મન–વચન અને કાયાને ઓછો, વધારે પરિશ્રય સેવવાનો છે. વળી એ પાછળ ભાવનાનું જેટલા પ્રમાણમાં જોર હોય છે. એટલા પ્રમાણમાં લાભનું ત્રાજવું નમતું થાય છે; પણ આ છઠ્ઠું કાર્ય તો ઉક્ત ત્રણ ત્રણ પ્રકારનો આછો પાતળો પૂળો પણ નથી માંગતું નામની વૃત્તિ થઈ એટલે જ બસ થાય છે. એની પાછળ ભાવનો સહકાર હોય તો સોનું ને સુગંધ મળ્યા જેવું ! પણકદાચ ભાવ ન હોય ને નામનાની દૃષ્ટિ હોય તો પણ જેને અપાય છે તેની આંતરડી ઠરે જ છે; જ્યારે દેનારને પણ કંઇ ને કંઈ ફળ તો મળે જ છે. દાન સર્વથા નિષ્ફળ નથી જ જતું. તેના પાંચ પ્રકાર છે.

૧ અભયદાન. ૨ સુપાત્રદાન. ૩ અનુકંપાદાન. ૪ ઉચિતદાન. ૫ કીર્તિદાન. પ્રથમના ત્રણનો સમાવેશ ધર્મકાર્યમાં થાય છે જ્યારે પાછળના બે પરમાર્થમાં ન આવતાં હોવાથી વ્યવહારપૂરતા જરૂરી છે. લોકોત્તર ધર્મમાં એનું સ્થાન અતિ ગૌણ છે.

આ દાનના વિભાગો ઉપર લાંબા વિવેચનની જરૂરીયાત નથી જણાતી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેમકે ભાગ્યે જ કોઈ જૈનબંધુ એના સ્વરૂપથી અજ્ઞાત હશે. આપણે તો અત્રે એટલું વિચારશું કે ઉક્તદાનનો અમલ રોજ કેવા પ્રકારે કરી શકાય.

અભયદાન એટલે સર્વ પ્રકારના જીવોને કોઇપણ પ્રકારનો ભય ન રહે એવી સ્થિતિ પેદા કરવી. એમાં પણ મરણભય અન્ય ભયો કરતાં વધુ ભયંકર છે, એટલે એનાથી રક્ષણ કરવું એ તો સર્વોત્તમ કાર્ય છે; પણ જો આ સંબંધમાં ઉંડા ઉતરીશું તો જણાશે કે માનવીની શક્તિ એ જાતના પરમાર્થમાં મર્યાદિત છે. એથી દરેક વ્યકિત પોતા તરફથી યથાશકય નિર્ભયતા પચેંદ્રિયથી લઇ એકેંદ્રિય સુધીના જીવોને આપે એ અર્થ આપણે અહીં ગ્રહણ કરવો રહ્યો. એમાં પણ ઇંદ્રિય, બળ, શ્વાસોશ્વાસ અને આયુ એ જીવના દ્રવ્યપ્રાણ છે જ્યારે જ્ઞાન, દર્શન ચારિત્ર એ ભાવપ્રાણ છે. આ ઉપરથી સ્પષ્ટ થઇ જાય છે, કે ગ્રહસ્થે પોતાના આરંભ--સમારંભ વેળા ખાસ ઉપયોગ રાખી વર્તવું કે જેથી જીવોને તેના તરફથી ઉપર વર્ણવેલ ભય ન સંભવે અને એ સાથે જ્ઞાનાદિ ગુણો વિસ્તારી ભાવપ્રાણ જાગ્રત કરવા યત્ન સેવવો. આ કાર્ય દરરોજ વધુ નહિ તો થોડા પ્રમાણમાં શકય તો છે જ. મનમાં આ જાતની ભાવના પ્રજ્વલિત હોય તો ઘણાયે જીવોની રક્ષા કરી શકાય. એ સંબંધે એટલો જ ઇશારો કરીએ કે રોજ મોટા જીવો બચાવવા જેટલુ આપણું પ્રાબલ્ય ન હોય તો વનસ્પતિ આદિના નાના તરફ તો દૃષ્ટિ રાખીએ; અને જ્યાં એ તરફ વળીશું એટલે એ ઇંદ્રિય આદિ તરફ આપણું વર્તન કેવું હોવું ઘટે તેનો સહજ ખ્યાલ આવશે.

સુપાત્રદાનનો ભાવ તો એ છે કે સાધુ—સંત આદિના પાત્રમાં આહારાદિ વસ્તુઓનું કંઇ ને કંઈ દાન દીધા પછી જ જમવું. સુપાત્રમાં સાધુ મહારાજ જેમ અગ્રસ્થાને છે તેમ સ્વધર્મી ભાઇનું પણ નાનેરૂં સ્થાન તો છે જ. દેશ-કાળાનુસાર એ સંબંધી વિવેક કરવો ઘટે. ગ્રહસ્થોનો એ ધર્મ છે.

અનુકંપા દાનનો ભાવ તો એ છે કે દુઃખીના દુઃખ જોઇ, કિંવા કરુણા આણી જે કંઈ દાન દેવું તે વિશેષે કરીને પશુ, પ્રાણી આદિ તિર્યંચો તેમજ અપંગ, પાંગળા, દીન, દુઃખીઆઓ ને રોગાર્તો પ્રતિ દયાના પરિણામ ધરાવવા અને દાનદ્વારા યથાશકય તે સર્વના કષ્ટો ફેડવા યત્ન કરવો. આ પ્રકારનું કંઇ ને કંઈ કાર્ય પ્રતિદિન શ્રાદ્ધાવર્ગે કરવું જોઇએ. ઉચિતદાન ખાસ કરીને પોતાના સગા સંબંધીઓ કે જેમની સ્થિતિ નરમ હોય તેમના કષ્ટ કાપવામાં ખરચાતાં ધનનું નામ છે. કીર્તિદાનમાં પોતાની સમાજની કે દેશની આબરૂનું રક્ષણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિબિંબ

[ સુશીલ ]

શ્રી વિધુશેખર ભટ્ટાચાર્ય મહાશય, પોતાના નિબંધના છેલ્લા ભાગમાં લખે છે.

આત્મા વિષે વિચાર કરતાં જૈનોએ જોયું કે જે કોઇ આત્મા માને છે તે તેને નિત્ય પણ માને છે. સાચેસાચ એ નિત્ય છે? નિત્ય તેને કહેવાય કે જે કદિ નાશ ન પામે, એક સમાન રહે, જેમાં જરા જેટલો પણ વ્યત્યય ન હોય. જો એમ જ હોય તો પછી આત્માનાં સુખ--દુઃખ, બંધ--મોક્ષ કઈ રીતે સંભવે? કારણ કે આત્મા જ્યારે દુઃખભોગ કરીને સુખભોગ કરે છે અથવા તો પહેલાં સુખ ભોગવીને પછીથી દુઃખ ભોગવે છે ત્યારે બન્ને વખતે એની એક સ્થિતિ નથી રહેતી. સુખ ભોગવતી વેળા એની જૂદી સ્થિતિ હોય છે તો દુઃખ ભોગવતી વખતે પણ જૂદી હોય છે. આમ જો સ્વરૂપ પરિવર્ત્તન થયા કરે—બદલાયા કરે તો એને નિત્ય કેમ કહી શકાય?

વળી એને તદ્દન અનિત્ય પણ ન કહી શકાય, કારણ કે આત્મા એકલો જ સુખ તેમજ દુઃખ એમ બન્ને ભોગવે છે. સુખના નાસની સાથે

---

થાય એવા કાર્યોમાં પૈસા ખરચવા તેનો સમાવેશ થાય છે. લોકદષ્ટિએ આ જાતનું દાન પણ આવશ્યક તો છે જ. જનહિતના કાર્યોમાં જે પૈસા વપરાય છે એથી ખરચનારનું તેમજ એ જે સમાજનો હોય છે તે સમાજનું અને જે દેશનો હોય છે એ દેશનું પણ ગૌરવ વધે છે. આમ એકંદરે વિચારતાં પાંચે પ્રકારના દાનો ચાર પ્રકારના ધર્મમાં કે શ્રાવકોચિત ષટ્કર્મમાં અગત્યનો ભાગ ભજવે છે. વળી દૈનિકકર્મમાં એને લગતું કંઇ ને કંઇ કાર્ય કરી શકાય છે. લાંબા સમયથી ચાલતી આ લેખમાળાનો એના વર્ણન સાથે છેડો આવે છે. સૌ કોઇ એ ધર્મનું શક્તિ મુજબ પાલન કરો એ જ અભ્યર્થના!

**ચોકસી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે દુઃખના નાશની સાથે આત્માનો નાશ નથી થતો. એજ પ્રમાણે બંધ વખતે આત્માનું એક પ્રકારનું અને મોક્ષ વખતનું બીજા પ્રકારનું રૂપ હોય છે. એટલે જો એને છેક એક–રૂપ જ માનીએ તો બંધ અથવા મોક્ષ પૈકીનું એક જ રૂપ માનવું પડે.

એટલા માટે કહેવું જોઇએ કે આત્મા અનેક રૂપ છે. સંસારનું કોઇ દ્રવ્ય લ્યો, એક તરફ એની ઉત્પત્તિ અને વિનાશ છે, તો બીજી તરફ એનું ધ્રુવત્વ તથા નિત્યત્વ પણ છે.

સોનાના એક ટુકડામાંથી કંકણ બને છે અને કંકણને ભાંગી ગાળી એમાંથી માળા પણ બનાવાય છે. કંકણ બન્યું એટલે સોનાના કટકાનો નાશ થયો અને માળા બની ત્યારે પેલા કંકણનો નાશ થયો, છતાં સોનું તો હરકોઇ આકારમાં ત્યાંનું ત્યાં જ છે. વિભિન્ન આકારોમાં એના વર્ણ યા ઉજ્જ્વલતા, વધતાપણું કે ઓછાપણું ભલે આવે પરન્તુ પદાર્થ તો એક જ રહે છે. એટલે કે વસ્તુ માત્રમાં એક તરફ ઉત્પત્તિ અને વિનાશ છે તો બીજી તરફ સ્થિરતા પણ છે. આત્માના સંબંધમાં પણ એ જ કથન લાગુ પડે. એની ઉત્પત્તિ અને વિનાશ છે તેમ તે નિત્ય પણ છે. એકાંતપણે એને નિત્ય ન કહી શકાય, એકાંતપણે અનિત્ય પણ ન કહી શકાયઃ એ નિત્ય અને અનિત્ય પણ છે

આત્માના સંબંધમાં જૈનોએ એક બીજી વાત પણ કહી. બ્હારના કોઈ પદાર્થના સંસર્ગથી આત્મા બંધાય છે એ વાત પહેલાં કોઇએ ન્હોતી કહી. વસ્ત્ર વિગેરેને જેમ જૂદા જૂદા પ્રદેશ અથવા અંશ હોય છે તેમ આત્માને વિષે પણ પ્રદેશ તથા અંશ હોય છે એમ પણ એમણે કહ્યું. શરીર ઉપર તેલ ચોળ્યું હોય અને પછી ઉડતી માટી યા તો રજ અંગને ચોંટે અને દેહને મલિન બનાવે તેમ રાગ–દ્વેષ આદિના ઉદ્રેકથી, શરીર–મન અને વચનની ક્રિયાઓવડે આત્માના પેલા ન્હાના ન્હાના અંશોમાં કર્મ યોગ્ય પરમાણુ પુંજ વળગે છે. દૂધ અને પાણી જેમ પરસ્પરમાં મળી જાય, લોહું અને અગ્નિ જેમ એક બીજામાં સમાઇ જાય તેમ કર્મ અને આત્મા મળી જાય છે. આ આત્માનો બંધ બને છેઃ એનો ક્ષય એ મુક્તિ.

દાર્શનિક વિચારધારાના આ મૂળ પ્રવાહમાં બૌદ્ધોએ વિષમ પરિવર્ત્તન આણ્યું. બૌદ્ધોએ ઉંધી જ દિશા પકડી, પરંતુ મેં જે ઉપર એમ કહ્યું છે કે આ બૌદ્ધ વિચારધારા પણ એક જ સ્થાને પહોંચી તે હવે અહીં બતાવીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે જોયું કે દાર્શનિક વિચારની પ્રથમ ભૂમિકા આત્માને અનુલક્ષી તૈયાર થઇ. બૌદ્ધોએ પ્રશ્ન કર્યો: " વસ્તુતઃ આત્મા જેવી કોઇ વસ્તુ સંભવે છે ખરી ? "

ચક્ર આદિ વિવિધ અંગના યોગથી એક ગાડી તૈયાર થાય છે. આપણે એને ગાડી કહીએ છીએ. ખરૂં જોતાં ગાડી જેવી કોઇ જુદી ચીજ નથી. વિવિધ અંગ એમાંથી કાઢી લો એટલે તમને ખાત્રી થશે કે ત્યાં બીજી કોઇ સ્વતંત્ર વસ્તુ ન હતી. બધા અંગ-ઉપાંગ જોડાઇ ગયા એટલે લોકોએ એનો ગાડીના નામથી વહેવાર શરૂ કર્યો. તત્ત્વદ્રષ્ટિએ ગાડી કોઇ સ્વતંત્ર વસ્તુ નથી. ગાડી તો એક સંકેત માત્ર થયો. શરીરના સંબંધમાં પણ બૌદ્ધોને એમ જ લાગ્યું. જૂદા જૂદાં અંગ-ઉપાંગ બાદ કરો એટલે તમે જેને આત્મા કહો છો તેવી કોઇ પૃથક્ વસ્તુ નહીં લાધે. ગાડીની જેમ આત્મા પણ શબ્દ માત્ર છે, નામમાત્ર છે, સંકેત માત્ર છે, વ્યવહાર માત્ર છે.

શરીરનું પૃથક્કરણ કરી જુઓ. તેમાં તમને મુખ્યત્વે બે વસ્તુ મળશે. એક તો, ટાઢ તેમજ તાપથી વિકાર પામનારી વસ્તુ-જેને રૂપ કહીએ છીએ તે. એટલે કે માંસ-ચામડી ઇત્યાદિ. સગવડની ખાતર લોકો એને શારીરિક એવું નામ આપે છે. અને બીજી કોઇક વસ્તુ એવી છે કે જેને આપણે મન અથવા માનસિક એવું નામ આપીએ છીએ તે. આમ પૃથક્કરણથી રૂપ અને નામ બે મળશે.

અહીં પ્રસંગોપાત એટલું કહી લઉં કે મનનું જેમ જેમ સૂક્ષ્મ સ્પષ્ટીકરણ થતું ગયું તેમ તેમ માનસશાસ્ત્ર રચાતું ચાલ્યું.

ઉપરોક્ત બે પદાર્થ ગણાવ્યા તે કરતાં સ્વતંત્ર-જૂદો એવો કોઈ પદાથ નથી-બૌદ્ધ માન્યતા પ્રમાણે જેને આત્મા કહી શકાય એવી સ્વતંત્ર કોઇ વસ્તુ નથી.

જેઓ આત્મા છે એમ કહ્યા કરે છે તેઓ તેને નિત્ય માને છે; પણ ઉપર જે બે પદાર્થ ગણાવ્યા તેમાંનો એક પણ એવો નથી કે જે નિત્ય હોય-જેનો નાશ ન થતો હોય. અને જે અનિત્ય હોય તેને આત્મા કેમ કહી શકાય ?

અનિત્યને તમે સુખ કહેશો કે દુઃખ કહેશો ? સૌ કોઇ એને દુઃખરૂપ જ કહેશે. હવે જે દુઃખરૂપ છે તેને " હું તે જ છું " " તે મારૂં પોતાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે.” એમ કોણ કહેશે? દુઃખ શી રીતે આત્મા પોતે યા તો આત્માનો અંશ હોઈ શકે?

આ બધી જંજાળથી મુંઝાઈ બૌદ્ધોએ નિર્ણય કર્યો: “બધું અનિત્ય છે, બધું દુઃખમય છે, આત્મા જેવું કંઈ નથી.”

બુદ્ધદેવના આ અનાત્મ દર્શનમાં એક વાત જાણવા જેવી છે. એમણે જોયું કે દુઃખનું મૂળ કારણ તૃષ્ણા અથવા આસક્તિ છે. આ તૃષ્ણા, આ આસક્તિ ક્યાંથી આવી? મમત્વમાંથી. આ હું છું–આ મારૂં છે–આ મારા આત્મીય છે એ પ્રકારની બુદ્ધિમાંથી તૃષ્ણા તથા આસક્તિ જન્મી. એટલે એમણે નિશ્ચય કર્યો કે જ્યાં સુધી તૃષ્ણા નહિં જાય, આસક્તિ નહીં ટળે ત્યાં સુધી દુઃખ દૂર થવાનું નથી; તેથી તેમણે આત્માનો અસ્વીકાર કર્યો. બૌદ્ધોના આ અનાત્મદર્શનને, આત્મદર્શનની પ્રતિક્રિયા ગણી શકાય.

એ અનાત્મવાદ એટલેથી જ ન અટક્યો. એણે વધુ આગળ ગતિ કરી. અનાત્મવાદ આખરે જતો જતો શૂન્યવાદમાં પરિણમ્યો.

બૌદ્ધોને લાગ્યું કે: “આ એક ફૂલ છે, આ એક ફૂલની માળા છે, આ શરીર છે, આ ઇન્દ્રિય છે એ પ્રકારની, મનુષ્યમાં બુદ્ધિ રહેશે ત્યાંસુધી હુંપણાનું તથા મારાપણાનું ભાન નહીં જાય. ફૂલ, માળા, શરીર, ઇન્દ્રિય, પુત્રકલત્ર ઇત્યાદિ વસ્તુના વિષયમાં બુદ્ધિ જ નહીં થાય તો પછી હુંપણાની તેમજ મારાપણાની ભાવના પણ બંધ પડશે. બધું શૂન્યમય હોય તો બુદ્ધિને અવલંબન જ ન મળે.”

ત્યારે શૂન્ય એટલે શું સમજવું? શૂન્ય એટલે આકાશની જેમ કેવળ પોલાણ એમ સમજવાનું નથી. શૂન્ય એટલે સાવ મીંડુ એવો અર્થ અહીં નથી લેવાનો. શૂન્ય શબ્દનો ખરો અર્થ વસ્તુનું અસલ સ્વરૂપ થાય છે. [ દાર્શનિક ભાષામાં **સ્વ રૂ પ તા** અને પારિભાષિક ભાષામાં **ત થ તા, ધ ર્મ ધા તુ** ] અને અસલ રૂપ એટલે સ્વભાવ નામક કોઈ વસ્તુનો અભાવ. સ્વભાવતઃ કોઈ વસ્તુની ઉત્પત્તિ નથી થતી. જો સ્વભાવતઃ ઉત્પત્તિ થતી હોત તો એ ઉત્પત્તિમાં કોઇ કારણ કે નિમિત્ત ભાગ ન ભજવત. દાખલા તરિકે જો અંકુર સ્વાભાવિક રીતે જ ઉગી નીકળતા હોત તો અંકુરના હેતુ, મૂલ કારણ બીજ અને પ્રત્યય અર્થાત્ સહકારી કારણ ( અનુકૂળ ઋતુ આદિ ) વિગેરેની કંઇ જરૂર ન રહેત. વસ્તુની એ જે નિઃસ્વભાવતા, સ્વભાવતઃ જે અનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્પત્તિ અને હેતુ તથા પ્રત્યયના યોગથી જે પ્રાદુર્ભાવ તેનું જ નામ શૂન્યતા. મતલબ કે જે ચીજ સ્વભાવતઃ ઉત્પન્ન નથી થતી તેનું અસ્તિત્વ જ નથી. અને જેનું અસ્તિત્વ નથી તેનો ધ્વંસ શી રીતે સંભવે ? એ ભાવ પણ નથી અને અભાવ પણ નથી–કેવળ શૂન્ય છે.

બધું શૂન્ય છે તો કોઈ વસ્તુના યોગથી રાગ, દ્વેષ તથા મોહની સંભાવના પણ નથી રહેતી. રાગ-દ્વેષાદિ મટ્યા એટલે ચિત્ત નિર્મલ થાય. નિર્મલ ચિત્ત નિરૂદ્ધ રહે છે. ચિત્તના નિરોધથી નિર્વાણનો સાક્ષાત્કાર થાય છે. નિર્વાણના સાક્ષાત્કારથી સમસ્ત દુઃખો નાશ પામે છે.

શૂન્યવાદની સહાયથી જૂદી જ રીતે–જૂદે જ માર્ગે બૌદ્ધો પણ સંયમ અને નિર્વાણના સાધ્ય તરફ વળે છે એવો સમન્વય શ્રી શાસ્ત્રીજી ઉપજાવે છે અને એની અસર ભારતના બીજા દર્શનો ઉપર કેવી પડી તે સંક્ષેપમાં સમજાવે છે.

જૈનો અને બૌદ્ધોની આ વિચારધારાએ, દર્શનશાસ્ત્રીઓને નવેસરથી પોતાની વ્યાખ્યાઓ ઘડવાની ફરજ પાડી. ગૌડપાદની વિવેચનામાં એ હકીકત બરાબર દેખાઇ આવે છે. ગૌડપાદનાં પગલે ચાલી શંકરાચાર્યે અદ્વૈતવાદની નીક બાંધી. યોગદર્શને પણ કૈવલ્યની વાત ઉચ્ચારી એ જ દિશામાં પોતાની વિચારધારા વહાવી સાંખ્ય દર્શને પણ કેવળજ્ઞાનની વાત કહી તે તરફ પ્રવાસ શરૂ કર્યો. ભક્તિપંથીયો પણ એવા જ કોઇ એક જૂદે માર્ગે તે તરફ ઢળ્યા.

× × × × × ×

શ્રી વિધુશેખર શાસ્ત્રીજીના લેખનું અહીં જરા વિસ્તારથી અવતરણ ઉતાર્યું છે. જે કોઈ શાંતિપૂર્વક એ આખું અવતરણ વાંચશે તેને ખાત્રી થયા વિના નહીં રહે કે દાર્શનિક ચિંતાના સુંદર સરોવરમાં જૈનોએ જે પ્રથમ અને મહત્વનો હિસ્સો અર્પ્યો છે તે એ વિચારધારાની પ્રાચીનતા અને મૌલિકતા પૂરવાર કરે છે. ઐતિહાસિક દ્રષ્ટિથી જૈન ધર્મના પ્રભાવ તથા પુરાતનતા સંબંધે ઘણો ઉહાપોહ થયો છે–થાય છે. પરંતુ શુદ્ધ દાર્શનિક દ્રષ્ટિએ જૈન દર્શનની બારીક છણાવટ કરવાનું કામ એટલું સરળ નથી. શ્રી વિધુશેખર શાસ્ત્રી જેવા સમર્થ અને ઉદાર દર્શનશાસ્ત્રીઓ જ તેને યોગ્ય ઈન્સાફ આપી શકે. જૈન સમાજ, એમની આ પ્રકારની સેવા માટે ખરેખર શાસ્ત્રી મહોદયનો આભાર માનશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાન્ તસ્કરો.

ગતાંક પૃષ્ઠ ૪૯ થી શરૂ

## માન

ભગવાને વિનયને ધર્મનું મૂળ કહેલું છે. વિનય વિના વિદ્યાની પ્રાપ્તિ પણ થઇ શક્તી નથી. વળી વિનય હોય તો જ રૂપ, ગુણ પણ શોભે છે. એવા મહાન્ વિનય ગુણનો નાશ માન નામના કષાયથી થાય છે. પ્રાણીમાં જ્યારે માન ઉત્પન્ન થાય છે ત્યારે તેના હૃદયમાં અહંકાર પેદા થાય છે કે-અહો મારા સમાન રૂપવાન, ધનવાન, કુળવાન, જ્ઞાનવાન અન્ય છે જ કોણ? આવા પ્રકારના અહંભાવથી તે મનુષ્યમાં સારાસારની વિવેકશક્તિ નષ્ટ થાય છે: અને તે કારણથી પૂજ્યજનોનો વિનય તેનાથી સચવાતો નથી: કેમકે તેને પોતાનામાં સર્વ કાંઇ છે એવો ભ્રમ ઉત્પન્ન થયો છે. તે ભ્રમવડે માની મનુષ્ય સુકા કાષ્ટની સમાન અક્કડ બની જાય છે, કે જેથી યોગ્ય જનોનો વિનય તેનાથી જળવાતો નથી. વળી જ્યારે માન ઉત્પન્ન થાય છે ત્યારે તેનાથી સદ્જ્ઞાન પણ દૂર નાસે છે. તેનું પ્રસિદ્ધ દષ્ટાંત શ્રી બાહુબલીજી છે. બાહુબલીજી વડિલ બન્ધુ શ્રી ભરત મહારાજ સાથે યુદ્ધ કરવા પણ માનથી જ પ્રેરાય છે અર્થાત્-હું શા માટે તેને નમું? આવા પ્રકારના માનથી બન્ને ભ્રાતાઓ વચ્ચે લડાઇ થાય છે. છેવટે દેવજનોની વિજ્ઞપ્તિથી બન્ને બંધુઓ દષ્ટિયુદ્ધ, વાગ્‌યુદ્ધ વિગેરે કરે છે, જેમાં ભરત મહારાજા હારે છે. છેવટે મુષ્ટીયુદ્ધ વખતે બાહુબલીજી ભરતને મારવા માટે મુષ્ટી

---

સાચો દર્શનશાસ્ત્રી કેટલી ઉદાર દ્રષ્ટિ ધરાવતો હોય છે અને સમન્વય ઉપજાવવામાં પણ કેવો કૂશળ હોય છે તે આ અવતરણ ઉપરથી જણાશે. જૈન દર્શનની પ્રાચીન-મુખ્ય ધારાનો સ્વીકાર કરતાં એમને જરા ય સંકોચ નથી થતો. એમનો પોતાનો મત કે સંપ્રદાય આડે નથી આવતો. તેઓ તો વિવિધ વિચારધારાઓને કલકલ નાદ કરતી અને આગળ વધતી નીહાળે છે અને તટસ્થ દ્રષ્ટાની જેમ એ દૃશ્ય નીહાળી પોતાનું સ્વતંત્ર અવલોકન જીજ્ઞાસુવર્ગ સન્મુખ ધરે છે.

બૌદ્ધ ધર્મની બહુ ગવાયેલી શૂન્યતાની સાથે પણ તેઓ કેવો સરસ સમન્વય બેસારે છે? જૈન દર્શનની ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યની ત્રિપદિનું મહત્ત્વ પણ તેઓ કેવા સરળભાવે વર્ણવે છે? એવી પ્રતિપાદન શૈલી અને તુલનાત્મક ચિંતનની આજે જૈન સમાજને કેટલી જરૂર છે? જૈન સંઘમાં જો આવા થોડા પણ વિદ્વાનો હોય તો તેઓ જૈન શાસનની કેટલી સરસ સેવા બજાવે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાડે છે ત્યારે વિચારણા સ્ફૂરે છે કે આ એક જ મુષ્ટીપ્રહારથી વડિલ ભ્રાતા મરણને શરણ થશે, માટે તેમ કરવું તે તો યોગ્ય નથી જ. ત્યારે મુઠી ઉપાડેલી પાછી પણ ન ફરવી જોઈએ આમ વિચારી સંસારથી નિર્વેદ પામી તેઓ તે જ મુષ્ટીવતી સ્વમસ્તક પરના વાળનું લુંચન કરી ઉગ્ર તપસ્યામાં કાર્યોત્સર્ગ ધ્યાને ખડા રહે છે. બીજી તરફ તેમના અઠ્ઠાણું લઘુ બન્ધુઓએ ભગવાન્ શ્રી રૂષભદેવ પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરેલ છે. અહીં કાર્યોત્સર્ગધ્યાને રહેલા શ્રીમાન્ બાહુબલીજીને વિચાર થાય છે કે પિતાની પર્ષદામાં અત્યારે જવું યોગ્ય નથી, કેમકે મારાથી નાના એવા ૯૮ ભાઇઓ કે જેઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે તેમને મારે વંદન કરવું પડશે; માટે હું અહીં જ કેવળશ્રીને પ્રગટાવીને પછી જ ત્યાં જઇશ. જેથી બંધુવંદનથી મૂક્ત થઇ શકાય. આવા વિચારથી તેઓ ત્યાં એક વર્ષ પર્યંત ઉગ્રધ્યાનમાં રહ્યા અને તેમના શરીરની આસપાસ રાફડાઓ બંધાયા અને પક્ષીઓએ માળા બાંધ્યા. એટલી ઉગ્ર અને અડોલ તપસ્યા છતાં તે મહર્ષિને એક માત્ર માનના કારણે કેવળજ્ઞાન પ્રાપ્ત ન જ થયું. પ્રાંતે કાળની પરિપકવતા થયેલી જોઇને તેમ જ નિમિત્તની આવશ્યક્તા છે તેમ જાણીને શ્રી રૂષભદેવ ભગવાન્ બ્રાહ્મી સુંદરીને તેમને પ્રતિબોધવા મોકલે છે. " માનહસ્તિ પર બેઠે થકે કેવળ પ્રાપ્ત ન થાય " તેવા તેમના વચનો સાંભળી નિર્માની થઇ પ્રભુના સમવસરણમાં જવા માટે જ્યાં પગ ઉપાડે છે તે જ ક્ષણે તેમના ચાર ઘાતીકર્મોનો ક્ષય થાય છે. અને ઉજ્વળ એવું લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન અને કેવળદર્શન તેમને પ્રગટે છે. આ પ્રમાણે માન એ આત્માના ગુણોને રોકનાર શત્રુ છે. આત્માની પ્રગતિનો રોધ થાય છે, વિનય, વિવેક તેથી નષ્ટ થાય છે. વળી તે થી સ્વ અવગુણ જોઇ શકાતા નથી. એવા અનેક પ્રકારના અનિષ્ટકારક એવા માનને શ્રીમાન ઉદયરત્નજી મહારાજના શબ્દોમાં કહીએ તો—

સૂકા લાકડા સારીખો, દુઃખદાયી એ ભૂંડો રે;
ઉદયરતન કહે માનને, દેજો દેશવટો રે
રે જીવ ! માન ન કીજીયે.

## માયા

વ્યવહારમાં માયા એ દ્રવ્યના અર્થમાં ગણાય છે, પરંતુ અત્રે દર્શાવેલ માયા તે કપટના અર્થમાં કહેલ છે. જ્યાં મૈત્રી હોય ત્યાં માયાકપટ યાને ભિન્નતા રાખવી તે યોગ્ય નથી. તેમ કરવાથી મૈત્રિભાવ જળવાતો નથી તેમ જ માયા સેવનારને આત્મિક હાનિ થાય છે તે તો અલગ. માયાને માટે શ્રી મલ્લીનાથ ભગવાનનું દ્રષ્ટાંત સુપ્રસિદ્ધ જ છે. પૂર્વભવમાં મિત્રોની સાથે કોઇ સાંસારિક કાર્યને અંગે નહીં પણ આત્મિક સુખને અર્થે થતી તપસ્યામાં શ્રી મલ્લીનાથજીના જીવે મિત્રો કરતાં આગામી ભવમાં કંઇક વિશેષ પ્રાપ્ત કરવાની ભાવનાથી માયાવીપણે–ગુપ્તપણે વિશેષ તપસ્યા કરેલી. પરિણામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સેવા ધર્મ.

અનુ—અભ્યાસી.

સેવા એ પરમ ધર્મ સમજીને યથાયોગ્ય તન, મન, ધનથી સર્વની સેવા કરવી, પરંતુ મનમાં કદિ પણ એવું અભિમાન ન ઉત્પન્ન થવા દેવું કે મેં અમુક માણુસની સેવા કરી કે તેમના ઉપર ઉપકાર કર્યો. તેને જે કાંઇ મળ્યું છે તે તેના ભાગ્યબળે તેના કર્મફળના રૂપમાં મળ્યું છે. તમે તો માત્ર નિમિત્ત જ બન્યા છો. બીજાને સુખ આપવામાં નિમિત્ત બની જવાય તો તે ઇશ્વિરની કૃપા સમજવી અને જેણે તમારી સેવા સ્વીકારી હોય તેના પ્રત્યે મનમાં કૃતજ્ઞ થવું.

સેવા કરીને અહેશાન કરવું, સેવાના બદલામાં સેવા ઈચ્છવી, બીજી કોઇ પણ ફળકામનાની પૂર્તિ ચાહવી તે તો પ્રત્યક્ષ સેવાધર્મથી ચ્યુત થવાનું. મનની અંદર એવી ઈચ્છા ન આવવા દેવી કે મેં કરેલી સેવાનું ચિહ્ન રહેવું જોઈએ. સેવાના બદલામાં માન ઇચ્છવું કે મોટાઇ અથવા પ્રતિષ્ઠાની ઈચ્છા કરવી એ તો ઘણી જ ગોટી વાત છે, ત્યાં જ મનુષ્ય ઘણે ભાગે ભૂલ કરી બેસે છે. જ્યારે વ્યક્તિ કે સમષ્ટિની કોઈ સેવા કરે છે ત્યારે તો તે સેવાભાવથી જ કરે છે, પરંતુ પાછળથી તે સેવાના બદલામાં તેને કાંઇપણુ નથી મળતું અથવા જેની સેવા કરી હોય તેની મારફત કોઇ બીજાને સન્માન મળે

---

તીર્થંકર પદવી મળી. પરંતુ માયાના સેવનથી તેઓ સ્ત્રી-તીર્થંકરપણે ઉત્પન્ન થયા કે જે આશ્ચર્યજનક છે. માયાને માટે કહ્યું છે કે—

દુર્બલ દેહને માસ ઉપવાસી જો છે માયારંગ;
તો પણ ગર્ભ અનંતા લેશે ઓલે બીજું અંગઃ

વળી વ્યવહારમાં પણ જે મનુષ્ય માયાવી–કપટી–દગાખોર–અસત્યભાષી હોય છે તેનો ફરીવાર કોઇ વિશ્વાસ કરતું નથી. તે સત્ય કહેતો હોય તો પણુ તેના કહેવા પર વિશ્વાસ બંધાવો મુશ્કેલ છે. તેની પ્રતિષ્ઠા કોડીનીએ હોતી નથી તેથી વિરૂદ્ધનો માણસ સરળ અને સત્ય વ્યવહારવાળો હોય તો તેના પર સૌ વિશ્વાસ ધરાવે છે. સ્ત્રી–અવતારની પ્રાપ્તિ પણ પ્રાયઃ માયાને આભારી છે. માયા એ નાગિણી કહેવાય છે, તે યુક્ત જ છે કે જેના વિષથી ભવાંતરમાં પણ દુર્ગતિ થવાનો સંભવ છે. આમ સમજી માયાનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો ઉચિત છે. ચાલુ.

**રાજપાળ મગનલાલ વ્હોરા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તો તેને દુઃખ થાય છે, એ એટલા માટે જ કે તેણે પોતાના મનની અંદર તેની દ્વારા સન્માનિત થવાનો પોતાનો હક્ક માની લીધો હતો. બીજાના સન્માનમાં પોતાનો હક્ક છીનવાઈ જતો તેને લાગે છે, એટલા માટે કદિ પણ ન ઈચ્છવું કે મને કોઈ પુરસ્કાર કે સન્માન મળે તો ઠીક, તેમજ કોઈ બીજાને માન મળે તો તે જોઇને બળવું નહિ. આપણે તો આપણો અધિકાર કેવળ સેવા કરવાનો જ સમજવો.

કર્મ અથવા તેના ફળમાં આસક્ત ન બનવું, મમતા ન કરવી અને વિફળતામાં વિષાદ ન કરો. આપણે કોઇની સેવા કરી અને તે આપણો ઉપકાર ન માને તો તેની પ્રત્યે નારાજ ન થવું, ઉલટું આપણી સેવાને ભૂલી જવી. યાદ રહી જાય તો એમ માનવું કે આપણી સેવામાં કંઇક દોષ રહ્યો હશે, સેવા કરીને આપણે કહી બતાવી હશે, તેની ઉપર અહેશાન કર્યો હશે, કોઈ બદલાની અપેક્ષા રાખી હશે. જે વ્યક્તિ અથવા દેશની ઉન્નતિની સેવા કરતા હોઇએ તેની ઉપર આપણે કશો અધિકાર ન સમજવો. એ સ્થિતિમાં આપણે આપણી જાતને ભાગ્યશાળી ગણવી જોઇએ કે આપણી સેવાનો બદલો બીજાને મળી જાય તો આપણે તેમાં મદદ કરવી જોઇએ.

સેવા કે સત્કાર્યના બદલામાં મૃત્યુ પછી પણ કીર્તિ કે નામનાની ઇચ્છા ન રાખવી. લોકો આપણને ભૂલી જાય એમાં જ આપણું કલ્યાણ સમજવું. સારાં કામો આપણે કરવા, તેનો જશ બીજાને લેવા દેવો. ખરાબ કામો ભૂલેચૂકે પણ ન કરવા, પરંતુ આપણી ઉપર તેનો આરોપ ચડાવીને બીજો મુક્ત થઇ જાય તો તે પણ માથે ચડાવી લેવું. આપણું કશું નહિ બગડે, તે આપણું સુખદાયી મનચાહ્યું અપમાન આપણા માટે મુક્તિનો અથવા આત્યંતિક સુખનો દરવાજો ખોલી દેશે.

સેવા કરીને નેતા, ગુરૂ, સભાપતિ, સંચાલક, માર્ગપ્રદર્શક, રાજા, શાસક કે સન્માન્ય બનવાની ભાવના કદિપણ મનમાં ન આવવા દેવી. જે પહેલેથી જ સન્માન કે ઉંચું પદ પ્રાપ્ત કરવા માટે જ કોઈની સેવા કરવા ઇચ્છે છે તે યથાર્થ સેવા નથી કરી શકતા. તેઓને પોતાના સાથીઓની સાથે પ્રતિદ્વન્દ્વિતા થઇ જાય છે અને પછી સેવા કરવાની શક્તિ પ્રતિદ્વન્દ્વિને પરાસ્ત કરવામાં ખર્ચાવા લાગે છે. રાગદ્વેષ તો વધે જ છે. સેવા કર્યા પછી મનધારી વસ્તુ નથી મળતી તો દુઃખ થાય છે, એ સિવાય એક વાત એ છે કે જે ઉંચા બનવાના હેતુથી જ નીચા બનીને કાર્ય કરે છે તે ખરી રીતે નીચા બન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાનું, આજ્ઞા માનવાનું કે સેવા કરવાનું બ્હાનું જ બતાવે છે. તે તો ખરી રીતે બીજાને નીચા, આજ્ઞાકારી અને સેવક બનાવવાની ભાવના રાખે છે. જેની ભાવના એવી હોય છે તે સેવા શું કરી શકે? એટલા માટે સૌના સેવક બનવાની જ અભિલાષા રાખવી, સ્વામી બનવાની નહિ. કોઈ ઉંચા બનાવે તો તે ન સ્વીકારવું. ધ્યાનમાં રાખવું કે ઘણીવાર ઉંચા સન્માનનો અસ્વીકાર પણ મોટાઇની ખાતર કરવામાં આવે છે. મોટાઈના મોહમાં પણ ન પ્રસાવું. માન કે મોટાઈનો ત્યાગ કરવો અને તે ત્યાગની સ્મૃતિનો પણ ત્યાગ કરવો.

આપણાથી કોઇનું કશું ભલું થઈ જાય તો એવું ન માનવું કે એ ભલું મેં કર્યું છે, તેનું ભલું તેના પુણ્યે કર્યું હોય છે, અને તેમાં તેના પોતાના પૂર્વકૃત કર્મ કારણરૂપ હોય છે. આપણી દૃષ્ટિ બહુ દૂર નથી જઇ શકતી તેથી સંભવ છે કે આપણે જેમાં કોઇનું ભલું સમજતા હોઇએ તેનાથી પરિણામે તેનું અહિત થઈ જાય. આપણી બુદ્ધિ પરિમિત છે, આપણા વિચાર સર્વથા નિર્ભ્રાન્ત નથી હોતા. સદ્‌વિચાર માટે પરમાત્માની પ્રાર્થના કરો અને પરમાત્માની સત્તા, સ્ફુર્તિ તેમજ પ્રેરણા સમજીને કોઈના ઉપકારનું કામ કરવું. યાદ રાખવું કે આપણી બાહ્ય ચેષ્ટાઓની અપેક્ષાએ ઈશ્વર–પ્રાર્થનાથી વધારે નિશ્ચિત ફળ મળવાનું, કેમકે આપણી ચેષ્ટાઓ તે આપણી અદૂર દર્શિતાને લઇને વિપરીત ફળ પણ ઉત્પન્ન કરી શકે છે, પરંતુ ઇશ્વર પ્રાર્થનાથી તો વિપરીત ફળ આવતું જ નથી.

સેવા કરવાના ગુમાનમાં ઇશ્વરની ભૂલ સુધારવાનો દંભ ન કરવો. અનેક લોકો ઈશ્વરી વિધાનને બદલવાના વ્યર્થ યત્ન કરીને ઇશ્વરને દયાહીન, અશક્ત અથવા અસત્ સિદ્ધ કરવા ઇચ્છે છે અને પોતાના બળની સ્થાપના કરવા ચાહે છે તે મોટી ભૂલ છે. ઇશ્વરી વિધાન માત્રને ન્યાય અને દયાયુક્ત માનવાં જ જોઇએ. ઈશ્વર કોઇને પણ દુઃખ નથી આપતો. પોતાના કર્મના ફળરૂપે જ જીવને સુખ–દુઃખ ભોગવવા પડે છે, એમાં પણ તેની દયા રહે છે. તેના વિધાન સુધારવાના કે બદલવાના યત્ન ન કરવા પણ દુઃખમાં પડેલા પ્રાણીનું દુઃખ દૂર કરવાનો પ્રયત્ન જરૂર કરવો. એમ કરવાથી ઈશ્વરી પ્રસાદને પાત્ર થઈ શકાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧ **વિધિયુક્ત પૌષધ વિધિ:**—પ્રકાશક શ્રી પુષ્પામૃત જૈન ગ્રંથમાળા—ખંભાત. આ ગ્રંથના પ્રથમ વિભાગમાં પૌષધ કરનાર માટે તે સંબંધી આવશ્યક સૂચના, સમજ, ધર્મનું ટુંક સ્વરૂપ, તેના પ્રકારો વગેરે તેમજ બીજા ભાગમાં ક્રિયા લેવા, પારવાની વિધિ વગેરે વિસ્તારથી બહુ જ સરળ રીતે આપેલ છે, જે એક ઉપયોગી વસ્તુ બની છે. પૌષધના ખપી મનુષ્યો ચિત્તશુદ્ધિ સાથે મનન કરવાથી ફળ પ્રાપ્ત કરી શકે છે. સાથે ગુરૂભક્તિ પણ દર્શાવી છે. કિંમત છ આના.

---

૨ **જગત્ અને જૈન-દર્શન**—વિદ્વાન **આચાર્યશ્રી વિજયેન્દ્રસૂરિ**ના વિદ્વત્તા ભરેલા ત્રણ વ્યાખ્યાનો—નિબંધોનો આ લઘુ પુસ્તકમાં સમાવેશ કર્યો છે. જૈનેતર સંપ્રદાયના ઉત્સવમાં એક જૈનાચાર્યની પ્રમુખ તરિકેની વરણીના પ્રસંગે આર્યત્વની વ્યાખ્યા, જૈન-દૃષ્ટિએ આર્યોના પ્રકારનું સુંદર વર્ણન કરી આચાર્ય મહારાજે એકલા જૈનદર્શનની નહિ પણ દેશની પણ સેવા કરી છે, એમ તેઓશ્રીના વ્યાખ્યાનમાં રખાયેલ ઉદાર દૃષ્ટિબિંદુને લઇને અમો માનીએ છીએ. બીજા વ્યાખ્યાનમાં કંઇક ઇતિહાસ, કંઇક તત્ત્વજ્ઞાન, ઇશ્વર અને સ્યાદ્વાદ વગેરે વિષયોનું ટુંકામાં સુંદર સ્વરૂપ જણાવેલું છે. આ નિબંધરૂપ બુક હોવા છતાં ખાસ વાંચવા યોગ્ય છે. ઇતિહાસ, સાહિત્ય અને તત્ત્વજ્ઞાનના વિષયો સંબંધી આવા અનેક લેખો અથવા ગ્રંથો લખી આચાર્ય મહારાજ પોતાની વિદ્વત્તાનો જનતાને લાભ આપ્યા કરે એમ નમ્ર વિનંતિ કરીએ છીએ.

---

૩ **પ્રાકૃત માર્ગોપદેશિકા:**—સંપાદક પંડિત **બેચરદાસ** જીવરાજ દોશી. દીર્ઘકાલીન અને સતત પ્રાકૃત ભાષાના અભ્યાસ, વાંચન, અને ચિંતનના ફળરૂપે પ્રાકૃત ભાષાના પ્રથમ અભ્યાસીઓ માટે એક ભોમીયા-ગાઇડરૂપે પદ્ધતિસર ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. આપણી જૈન-શાળાઓમાં પણ પ્રાકૃત ભાષાને આપણી માતૃભાષા હોવાથી તેનું શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓ માટે આ બુક પાઠ્યક્રમમાં દાખલ કરવા યોગ્ય છે. પ્રકાશક શ્રી ગૂર્જર-ગ્રંથરત્ન કાર્યાલય—અમદાવાદ તરફથી આવા ભાષા સાહિત્યના ઉચ્ચ ગ્રંથ પ્રકટ કરવા માટે તેના સંચાલક ભાઇ શંભુલાલને ધન્યવાદ આપીયે છીએ તેટલું જ નહિં પણ તેના આવા આવા પ્રકાશનો ઉત્તેજનને પાત્ર છે એમ માનીએ છીએ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ **ઉન્નતિનું સ્વરૂપ**—લેખક ઠાકોરલાલ પિતાંબરદાસ મહેતા ગોરખપુરથી પ્રગટ થતાં "કલ્યાણ" ના તંત્રી શ્રી હનુમાનપ્રસાદ દામોદરના "નૈવેદ્ય" નામના હિંદિ પુસ્તક માંહેના ઉન્નતિનું સ્વરૂપ નામના લેખનો આ ગુજરાતી અનુવાદ છે. હાલ માની લીધેલ ઉન્નતિનું સ્વરૂપ શું છે અને યથાર્થ ઉન્નતિ કોને કહેવી અને તેમાં રહેલ યથાર્થ સુખનું રહસ્ય શું છે તે સુંદર રીતે આ લઘુ બુકમાં બતાવેલ છે. આવા લઘુ લેખ પણ મનનપૂર્વક વાચકને સાચી દિશા તરફ લઇ જાય છે જેથી તેનો યોગ્ય ઉપયોગ કરવા સૂચના છે.

૫ **રામ-પ્રસાદી**—બંગાલના યોગી સ્વામી **રામતીર્થ** એમ. એ. ના વચનામૃતો તેના જીવન ચરિત્ર સાથે આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. સ્વામી રામતીર્થ પ્રસિદ્ધ વેદાંત દર્શનકાર સ્વામીવિવેકાનંદના શિષ્ય છે અને યુરોપ, અમેરિકામાં પણ જઇ ત્યાં પણ પોતાની વિદ્વત્તાનો ભાષણોદ્વારા લાભ આપી ત્યાંની પ્રજાને પણ મુગ્ધ બનાવી છે. આ ગ્રંથમાં આપેલ તેમના વચનામૃતો ૧૦૮ મણકામાં આપેલ છે, જેના વાંચન, મનનથી સામાજિક રીતે સુખને પ્રાપ્ત કરવાના ઉપાયો--સાધનો મનુષ્યોને મળી શકશે. તેમનો વિશ્વપ્રેમ તેમના આ વચનામૃતમાંથી નીકળે છે તેટલુંજ નહિં પણ જગતના નાટકો પ્રત્યે કેટલી ઉદાસીનતા છે તે શાંત ચિત્તે વાંચનારને જણાય છે. આ બુક મનનપૂર્વક વાંચવા દરેકને અમો ભલામણ કરીએ છીએ. સંગ્રાહક અને પ્રકાશક ઠાકોરલાલ પિતાંબરદાસ મહેતા, પાલનપુર.

૬ **શ્રીમદ્‌ની જીવનયાત્રાઃ**—સંગ્રાહક ગોપાળદાસ જીવાભાઈ પટેલ. શ્રી પૂંજાભાઈ ગ્રંથમાળાનો આ આઠમો ગ્રંથ છે. પ્રકાશક જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ–અમદાવાદ, મૂલ્ય આઠ આના. શ્રીમદ્‌ રાજચંદ્રના જીવનપ્રસંગોનું વર્ણન આ ગ્રંથમાં આપવામાં આવેલું છે. તેમાં રજુ કરવામાં આવેલ જીવનપ્રસંગો જૈન ધર્મ પ્રત્યે આત્મશ્રધ્ધાનો ખ્યાલ આપે છે કે જે તેના જીજ્ઞાસુઓ માટે પ્રેરણાત્મક બને છે. લેખકે સરલ અને સાદી ભાષામાં વાચકને જીજ્ઞાસા ઉત્પન્ન કરે તેવી રીતે લખ્યું છે.

૭ **મ્હારી શ્રીસમેતશિખરજીની** યાત્રા—લખનાર **મગનલાલ** કસ્તુરચંદ શાહ વઢવાણ-વાળા. શ્રી સમેતશિખરજી યાત્રાનું સવિસ્તર વર્ણન આ બુકમાં આપવામાં આવ્યું છે. યાત્રા કરવા જનારને તે ભોમીયા સમાન છે. જુદી જુદી દ્રષ્ટિથી યાત્રાના આવા વર્ણનો ઉપયોગી થઇ પડે છે.

## રિપોર્ટો,

૮ **મુનિ હીરસાગરજી જૈન લાઇબ્રેરી--રાંદેર**—પ્રથમ વાર્ષિક રિપોર્ટ પ્રકાશક મેનેજીંગ કમીટી. ટુંક સમયમાં સ્થાપિત થયેલ આ વાંચનાલય–લાઇબ્રેરીની પ્રગતિ રિપોર્ટ જોતાં ઠીક થયેલી જણાય છે. તેની આગળ વધતા ગતિ આપવા જરૂર છે. અમો તેની ભવિષ્યમાં ઉન્નતિ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## આચાર્ય શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજની જયંતી.

ગત આસો શુદ ૧૦ સોમવારના રોજ આચાર્ય માહારાજ શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજને સ્વર્ગવાસ તીથી હોવાથી ગુરૂભક્તિનિમિત્તે શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સવારના નવ વાગે મોટા જિનાલયમાં શ્રી પંચતીર્થની પૂજા ભણાવવામાં આવી હતી તથા આંગી રચાવી હતી. બપોરના બાર વાગે સભા તરફથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

---

૯ **શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળાનો** - સં. ૧૯૮૯થી સં. ૧૯૯૦ બે સાલનો રિપોર્ટ. પ્રકાશક વ્યવસ્થાપક કમીટીની સમ્મતિથી દીપચંદજી બાંઠીયા-ઉજ્જૈન બે વર્ષના ગાળામાં ચોવીશ ગ્રંથો આ સંસ્થા પ્રકટ કરી શકી છે અને જેને મળતી આર્થિક સહાયથી તેની વ્યવસ્થાપક કમીટીનો પ્રયત્ન તેમજ કાર્યવાહી વ્યવસ્થિત છે એમ જણાય છે. આવક-જાવકનો હિસાબ પણ રિપોર્ટ જોતાં બરોબર છે. ભવિષ્યમાં વધારે સંખ્યામાં સાહિત્ય પ્રકટ કરે તેમ ઇચ્છીએ છીએ.

---

૧૦ **ગીતા**—માસિક—પ્રકાશક શિવપ્રસાદ પી. મહેતા. અમદાવાદ-પતાસાની પોળ. વાર્ષિક લવાજમ બે રૂપીયા. સ્વામીજી શ્રી વિદ્યાનંદજી મહારાજના અનુભવજ્ઞાનનો પ્રચાર કરવા આ માસિક પ્રગટ થયેલ છે. હિંદના દરેક ધર્મના આચાર્યો, વિદ્વાનો પોતાના જ્ઞાનનો અનુભવ પોતાના ધર્મીઓને ગ્રંથ, ન્યુસપેપર, ભાષણોદ્વારા આપે એ હાલનો વર્તમાન યુગ છે તે પ્રમાણે આ માસિક પ્રગટ કરવાનો પ્રકાશનનો હેતુ છે તે યોગ્ય છે.

---

૧૧ **શ્રી બ્રહ્મદેશ જીવદયા મંડળનો** અગીયારમા બારમા વર્ષનો રિપોર્ટ-પ્રકાશક શાંતિશંકર વેણીશંકર મહેતા, પ્રમુખ. ઉપદેશ, જાહેર વ્યાખ્યાનો, સાહિત્ય પ્રચારદ્વારા હિંસા અટકાવવાનું જીવદયાનું કાર્ય આ સંસ્થા સારૂં કરે છે. આટલા દૂર દેશમાં પણ આપણા ગુજરાત, કાઠિયાવાડના ભાઇઓ પોતાના ધંધા સાથે જીવદયાનું કાર્ય સારૂં કરે છે જેથી અહિંસાપ્રેમી દરેક ભાઇઓ એ મંડળને આર્થિક સહાય આપી વધારે બળ અર્પી જીવદયાનું પુણ્ય ઉપાર્જન કરશે એવી સૂચના કરીએ છીએ. વ્યવસ્થા અને હિસાબ રિપોર્ટ વાંચતાં યોગ્ય છે એમ જણાય છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘણી થોડી નકલો છે. જલદી મંગાવો...

## શ્રી કર્મગ્રંથ. (૪) મૂળ.

છેલ્લામાં છેલ્લી ઢબે તૈયાર કરેલ **શ્રી દેવેન્દ્રસૂરિકૃત સ્વોપજ્ઞ** ટીકા યુકત **ચારકર્મ-ગ્રંથ** કે જે આગળ બહાર પાડેલ આવૃત્તિઓમાં રહેલ અશુદ્ધિઓનું તેમજ આખા ગ્રંથનું (અગાઉ છપાયેલ કોઇ આવૃત્તિઓનો નહિ) પરંતુ બે તાડપત્રીય પ્રાચીન પ્રતો અને ત્રણ પ્રાચીન કાગળની પ્રતોનો ઉપયોગ કરી એનું સંશોધન ઘણીજ પ્રમાણિક રીતે કર્યું છે. કાળજીપૂર્વક સંશોધન મુનિરાજ શ્રી **ચતુરવિજયજી** મહારાજે તેમજ તેમના વિદ્વાન શિષ્ય સાક્ષરોત્તમ મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે આ ગ્રંથને સુધારવા તથા સંપાદનને લગતાં કાર્યમાં કિંમતી હિસ્સો આપવાથી જ આવો શુદ્ધ અને સુંદર કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી અને ઉપકારક આ ગ્રંથ અમો પ્રગટ કરી શકયા છીએ.

સ્થળે સ્થળે પેરેગ્રાફ પાડીને વિષયોને છુટા પાડેલા છે અને દરેક સ્થળે પ્રમાણ તરીકે અનેક શાસ્ત્રીય પાઠો, તે કયા ગ્રંથો માંહેના છે તેના પણ નામો, તેના ટીપ્પણો આપેલા છે. છેવટે છ પરિશિષ્ટોમાં પ્રથમ ટીકાકારે પ્રમાણ તરીકે ઉદ્ધરેલ શાસ્ત્રીય પાઠો, ગાથાઓ અને શ્લોક વગેરે **અકારાદિક્રમ** પ્રમાણે આપેલ છે. બીજા અને ત્રીજામાં ટીકામાં આવતા ગ્રંથો અને ગ્રંથકારોના નામોનો ક્રમ ચોથા કર્મગ્રંથમાં અને ટીકામાં આવતા પારિભાષિક શબ્દનો કોષ, પાંચમાં ટીકામાં આવતાં પિંડપ્રકૃતિસૂચક શબ્દોનો કોષ અને છેલ્લામાં વર્તમાનમાં ઉપલબ્ધ થતાં શ્વેતામ્બર–દિગમ્બર સંપ્રદાયના કર્મવિષયિક સમગ્ર સાહિત્યની નોંધ આપવામાં આવી છે.

ઉંચા એન્ટીક કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રીય ટાઇપોથી છપાવી સુંદર બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. **આ ગ્રંથને અંગે મળેલ આર્થિક સહાય થયેલ ખર્ચમાંથી બાદ કરી** માત્ર રૂા. ૨–૦ ૦ બે રૂપીયા (પોસ્ટેજ જુદું) કિંમત રાખવામાં આવેલ છે.

શ્રી ભદ્રબાહુસ્વામીવિરચિત-

## श्री बृहत् कल्पसूत्रम्–

**( મૂળ, ભાષ્ય, ટીકા સહિત પુસ્તક ૧ લું પીઠિકા. )**

અતિમાન્ય આ છેદસૂત્રનો પ્રથમ ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ અને મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

નિરંતર ઉપયોગી ધાર્મિક રીતરિવાજોની પરિપાટી અને પરંપરા વિસરાતી જાય છે તેવા કાળમાં આ પ્રકાશન કેવું આવકારદાયક થઇ પડે છે તે તેનાં વાચકો સમજી શકે તેવું છે. આ સૂત્રના પ્રકાશનના પ્રારંભમાં તેની ઉપયોગિતા શું છે? છેદસૂત્ર બાટે જૈન સમાજની શું માન્યતા છે? તે માટે મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજે પ્રાસંગિક નિવેદન સર્વ કોઇ સમજી શકે તે માટે ગુજરાતી ભાષામાં વિદ્વત્તાપૂર્ણ આપેલ છે. પ્રસ્તાવના વિગેરે સર્વ કોઇ સમજી શકે માટે ગુજરાતીમાં આપેલ છે. કિંમત રૂા. ૪–૦–૦ પોસ્ટેજ બાર આના.

લખો:—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# અમારૂં પ્રકાશન ખાતું.

## છપાયલા ગ્રંથો.

૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ. રૂા. ૩–૮–૦
૨ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ દ્વિતિય અંશ. રૂા. ૩–૮–૦
૩ શ્રી બૃહતકલ્પસૂત્ર પ્રથમ ભાગ. રૂા. ૪–૦–૦
૪ શ્રી દેવેન્દ્રસુરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ ) રૂા. ૨–૦–૦

## છપાતાં ગ્રંથો.

૫ શ્રી વસુદેવ હિંડિ ત્રીજો ભાગ.
૬ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ભાગ.
૭ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.
૮ શ્રી ગુણચંદ્રસૂરિ કૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર

## ગુજરાતી ગ્રંથો.

૧ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર. ( તૈયાર છે. ) રૂા. ૦–૨–૦
૨ શ્રી સામાયક સૂત્ર. મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂા. ૦–૨–૬
૩ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, રૂા. ૦-૧૦-૦
૪ શ્રી પંચ પ્રતિક્રમણ સુત્ર ,, ,, ( શ્રી જૈન એજ્યુકેશનબોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ). રૂા. ૧–૪–૦

## શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝ.

### ( ગ્રથમાળા ) તરફથી પ્રકાશિત થયેલા અને થતાં પુસ્તકો.

૧ શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્ર મૂળ ૦–૨–૦
૨ પ્રાકૃતવ્યાકરણ ( અષ્ટમાધ્યાય સૂત્રપાઠ ) ૦–૪–૦
૩ શ્રી વીતરાગ–મહાદેવ સ્તોત્ર મૂળ સાથે ભાષાંતર ૦–૪–૦
૪ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( શ્રી આત્મારામજી મહારાજ ) નું જીવનચરિત્ર ૦–૮–૦

## છપાતાં ગ્રંથો.

૧ ચારિત્રપૂજા, પંચતીર્થ પૂજા, શ્રી પંચપરમેષ્ઠી પૂજા ( ગુજરાતી અક્ષરમાં )
૨ શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ.
૩ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશ પર્વ ) પ્રત તથા બુકાકારે. ( નિર્ણયસાગર પ્રેસમાં )
૪ ધાતુપારાયણ.
૫ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું —ભાવનગર.

For Private And Personal Use Only